સરખા ઉત્સાહથી રમીશ, સ્થૂળ વળતરની આશા નહિ, પણ મારા લાયક કામ કર્યાનો આત્મસંતોષ એ મારું પ્રેરકબળ હશે, મનના આ વલણને કલાકારો 'કલા ખાતર કલા' કહે છે. પણ છે તો જુદી જુદી પરિભાષામાં એક જ સિદ્ધાંતના ભાષાંતર. કામને અર્થે જ કરેલું ઉત્તમ કોટિનું કામ. પૂજામાં દેવમૂર્તિને ચોખા ચડાવાય છે. ચોખાના દાણા અક્ષત હોવા ઘટે. એ સારા દાણા ભેગો એક તૂટેલો હોય તો 'ચાલશે' એમ માને તે સાચો પૂજારી નથી.

- ફાધર વાલેસ

(ડ) ગમે તે એક વિષય પર મુદ્દાઓ આધારિત આશરે ૨૫૦ શબ્દોમાં નિબંધ લખો. (4)

મારો પ્રિય તહેવાર

મુદ્દા : પ્રસ્તાવના - આપણા તહેવારો નવરાત્રિનું ધાર્મિક મહત્વ-નવરાત્રિની ઉજવણી - તહેવાર પ્રિય હોવાનું કારણ-ઉપસંહાર

અથવા

નદી તટે સંધ્યા

મુદ્દા : પ્રસ્તાવના - નદી કિનારાનું પ્રાકૃતિક સૌંદર્ય અને માનવી પર તેની અસર - ઉપસંહાર

અથવા

ભ્રષ્ટાચાર-રાષ્ટ્રવ્યાપી કેન્સર

મુદ્દા: પ્રસ્તાવના - ભ્રષ્ટાચારનો જન્મ - વિવિધ ક્ષેત્રમાં ભ્રષ્ટાચાર-ભ્રષ્ટાચારના કારણો-ભ્રષ્ટાચાર દૂષિત સમાજનો અરીસો-ભ્રષ્ટાચાર વિરોધી અભિયાન - ઉપસંહાર.

# PAPER-6

## વિભાગ - A

### (ગદ્ય વિભાગ)

**(અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો. (4)**

| (અ) કૃતિ | (બ) કર્તા |
|---|---|
| (1) ડાંગવનો અને.. | (અ) ચંદ્રકાન્ત પંડ્યા |
| (2) ચોપડાની ઈન્દ્રજાળ | (બ) મહેન્દ્રસિંહ પરમાર |
| (3) જન્મોત્સવ | (ક) મોહનલાલ પટેલ |
| (4) ગતિભંગ | (ડ) સુરેશ જોષી |
| | (ઈ) વર્ષા અડાલજા |

**(બ) નીચે આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. (4)**

(1) 'છત્રી' પાઠ રતિલાલ બોરીસાગરના ________ સંગ્રહમાંથી લેવામાં આવ્યો છે. (મરક મરક, ૐહાસ્યમ, એન્જયોગ્રાફી)

(2) અંકલેશ્વરને મિત્રો મજાકમાં ________ કહેતા. (ઔદ્યોગિક મથક, દુર્ગંધેશ્વર, ગંદકેશ્વર)

(3) શાહુકારનો ________ જૂઠું થોડું વાંચે ? (છોકરો, ચોપડો, વંશજ)

(4) 'ઘોડીની સ્વામી ભક્તિ' એ ________ (પ્રદેશ) ની લોકકથા છે ? (ગોહિલવાડ, કાઠિયાવાડ, ઢાલગરવાડ)

**(ક) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો. (2)**

(1) ૨૦૧૫ નો સર્વોચ્ચ 'જ્ઞાનપીઠ પુરસ્કાર' કયા ગુજરાતી લેખકને એનાયત થયો છે ?

(2) ગુણવંત શાહનો જન્મ કયા શહેરમાં થયો હતો ?

**(ડ) નીચે આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો. (કોઈપણ બે) (4)**

(1) લેખક હૃદય રોગના હુમલા વિશે શું જણાવે છે ?

(2) 'ડાંગવનો અને..'પાઠના લેખકની મુસાફરી કઈ રીતે યાત્રા બની રહેતી ?

(3) જીવલો દાનતનો શુદ્ધ હતો એમ તમે શા પરથી કહી શકો ?

**(ઈ) નીચે આપેલા પ્રશ્નોના દસ-બાર વાક્યોમાં મુદ્દાસર ઉત્તર લખો. (કોઈપણ બે) (6)**

(1) 'રેસનો ઘોડો' શીર્ષકની યથાર્થતા ચર્ચો.

(2) પુત્રી ખોયાની માતા-પિતાની વેદના "ગતિભંગ" પાઠના આધારે તમારા શબ્દોમાં વ્યક્ત કરો.

(3) આંબા પટેલું પાત્રાલેખન કરો.

## વિભાગ - B

### (પદ્ય વિભાગ)

**(અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો. (4)**

| (અ) કૃતિ | (બ) સાહિત્ય પ્રકાર |
|---|---|
| (1) બોલીએ ના કાંઈ | (અ) પદ |
| (2) માધવને દીઠો છે ક્યાંય ? | (બ) સૉનેટ |
| (3) શીલવંત સાધુને | (ક) ગીત |
| (4) વતનથી વિદાય થતાં | (ડ) ઊર્મિગીત |
| | (ઈ) ભજન |

**(બ) નીચે આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. (4)**

(1) કવિ અશોક ચાવડાનું ઉપનામ ________ છે. (બેદિલ, સ્વપ્નસ્થ, દિલાવર)

(2) ભારતમાતાએ ગુજરાત પર ________ નો વિસ્તાર કર્યો. (આશિષ, રાષ્ટ્રીયતા, ધર્મ)

(3) સમગ્ર વિશ્વ ________ નો આશ્રમ છે. (પંખીઓ, સંતો, જીવમાત્ર)

(4) ________ બનવું દુર્લભ છે. (કુલદીપક, દેશદીપક, જગદીપક)

**(ક) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો. (2)**

(1) મોહમાયા કોને સ્પર્શી શક્તિ નથી ?

(2) રાતરાણી શેનાથી ન્હાય છે ?

**(ડ) નીચે આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો. (કોઈપણ બે) (4)**

(1) વાંસળીનો સૂર કદંબ તેમજ ધૂળ પાસે શા માટે જાય છે ?

(2) વ્યક્તિના શ્વાસોમાં અને પ્રાણોમાં શું રહેલું છે ?

(3) મુરલી ઠાકુરને આંગણું મોટું શા માટે લાગે છે ?

**(ઈ) નીચે આપેલા પ્રશ્નોના આઠ-દસ વાક્યોમાં મુદ્દાસર ઉત્તર લખો. (કોઈપણ બે)** (6)

(1) 'બોલીએ ના કાંઈ' કાવ્યમાં કવિ માણસને શો જીવનબોધ આપે છે ?

(2) વતનથી વિદાય થતાં કવિની વેદના તમારા શબ્દોમાં વર્ણવો.

(3) 'દીકરી' કાવ્યનો મધ્યવર્તી વિચાર સ્પષ્ટ કરો.

## વિભાગ - C

**(વ્યાકરણ વિભાગ)**

**માગ્યા પ્રમાણે ઉત્તર લખો. (દરેકનો 1 ગુણ)**

**આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને જવાબ લખો.**

(1) નીચેના બે શબ્દોની સાચી જોડણી શોધીને લખો. (1)

પ્રસંશા (પ્રસંસા, પ્રશંશા, પ્રશંસા)

શીબીર (શિબિર, શિબીર, શીબિર)

(2) 'રવિ +ઈન્દ્ર' શબ્દની સાચી સંધિ જોડો. (1)

(રવિન્દ્ર, રવીન્દ્ર, રવિઈન્દ્ર)

(3) 'ભયંકર' શબ્દનો સમાસ ઓળખાવો. (1)

(દ્વન્દ્વ, ઉપપદ, કર્મધારય)

(4) જોડણીભેદે અર્થભેદ શોધીને લખો. (1)

(1) ખાદ્ય - (ખભો, ખોટ, ખવાય એવું)

(2) ખાદ્ય - (ખવાય એવું, ખભો, ખોટ)

(5) 'એ બાપ દીકરાની જાણે અલગ દુનિયા છે'- વાક્યમાંના અલંકારનો પ્રકાર જણાવો. (વ્યાજસ્તુતિ, ઉત્પ્રેક્ષા, ઉપમા) (1)

(6) 'ક્રૂરતા' શબ્દમાં કયો પ્રત્યય રહેલો છે ? (1)

(પૂર્વ પ્રત્યય, પરપ્રત્યય, એકપણ પ્રત્યય નહિ)

(7) નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો શોધીને લખો. (1)

સંઘેવો (સંદેશો, વિગત, હકીકત)

માવજત (સારસંભાળ, માવતર, ધ્યાન)

(8) 'સૂર્ય' સંજ્ઞાનો સાચો પ્રકાર લખો. (1)

(વ્યક્તિવાચક, જાતિવાચક, ભાવવાચક)

**નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો.**

(9) નીચેના રૂઢિપ્રયોગનો અર્થ આપો. (1)

હૈયું ઉઝરડાવું

(10) નીચે આપેલ કહેવતનો અર્થ લખો. (1)

બોડીને તો વળી કાંહકી કેવી ?

(11) નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ લખો. (1)

ઊછળે નહિ, તાં વેગવાળી એવી ઘોડાની ચાલ

(12) નીચેના શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ લખો. (1)

ગગન

(13) કર્તરિ વાક્ય બનાવો. (1)

જયવંતી શેઠાણી દ્વારા હાલરડું ઉપાડાયું.

(14) નીચેના તળપદા શબ્દનું શિષ્ટરૂપ આપો. (1)

મસાણ

(15) નીચેના વાક્યમાંથી વિશેષણ શોધી તેનો પ્રકાર જણાવો. (1)

બાપુ શાહુકારીનો ધંધો કરતા

(16) નીચેના વાક્યમાંથી ક્રિયાવિશેષણ શોધી તેનો પ્રકાર જણાવો. (1)

પત્રલેખકની શ્રદ્ધા ચોક્કસ વધુ પડતી હતી.

(17) 'ઔદ્યોગિક' શબ્દના ધ્વનિઘટકો (સ્વર-વ્યંજન) છૂટા પાડો. (1)

(18) નીચેના વાક્યની પ્રેરક વાક્યરચના બનાવો. (1)

શ્રીમદ્ રાજચંદ્રે રંગૂનમાં પણ ઝવેરાતની પેઢી ખોલી હતી.

(19) નીચેની પંક્તિનો છંદ ઓળખાવો. (1)

નહીં નાથ, નહીં નાથ, ન જાણો કે સ્હવાર છે.,

આ બધું ઘોર અંધારું, હજી તો બહુ વાર છે.

(20) ચોપાઈ છંદનું બંધારણ જણાવો. (1)

## વિભાગ - D

**(લેખન વિભાગ)**

(અ) નીચે આપેલી પંક્તિઓનો આશરે પંદર વાક્યોમાં અર્થ વિસ્તાર કરો. (4)

કે હીન જન્મે નવ હીન માનવ;

કે હીન કર્મે કરી હીન માનવ.

અથવા

આવ નહીં, આદર નહીં, નહીં નયનોમાં નેહ ;

તે ઘર કદી ન જઈએ, કંચન વરસે મેહ.

(બ) તમારી શાળામાં યોજાયેલ પ્રજાસત્તાકદિનની ઉજવણીનો અહેવાલ આશરે એકસો શબ્દોમાં લખો. (4)

(ક) નીચે આપેલા ગદ્યખંડના આશરે ત્રીજા ભાગમા સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો. (4)

કેટલીક વાર એવું બને કે સાચા દિલની પ્રાર્થનાનો ઉત્તર ન મળે એવું બને ત્યારે નિરાશ ન થવું. શ્રદ્ધા ગુમાવીશ નહિ. માનવું કે આપણી શ્રદ્ધાની કસોટી થઈ રહી છે. ભગવાન આપણા હૃદયને વધારે વિશુદ્ધ કરી રહ્યો હોય તેમાં વિલંબ તો થાય જ ને ? એવી સમજ નહિ રાખી હોય તો અધીર બનીને ભગવાન વિશે અભાવ જાગશે. ઊંચા માર્ગ પરથી સરી જવાશે. નિશ્ચય પીગળી જશે. માટે ધૈર્ય તો રાખવું જ પડે. કેટલીક વાર કોક પરીક્ષા થાય છે ત્યારે એમ ન સમજવું કે પરમેશ્વરનું કાળજું કઠણ થઈ ગયું છે. એમનાથી આપણી પ્રાર્થના સંભળાતી નથી. પ્રાર્થનાનો ઉત્તર ન મળે કે મોડો મળે એમાં અજંપો શો ? ભગવાન ફળ આપે ત્યારે એમનો આભાર માનવો એટલું તો સૌ કોઈ કરી શકે. પરંતુ એમને કરેલી પ્રાર્થના નિષ્ફળ જાય ત્યારે એમને કે પોતાના ભાગ્યને દોષ ન દેતાં ધીરજ રાખે તેવા

સાધકો જ આગળ વધી શકે છે.

(s) ગમે તે એક વિષય પર મુદ્દાઓ પર આધારિત આશરે 250 શબ્દોમાં નિબંધ લખો. (8)

વૃક્ષ ઉગાડો, પર્યાવરણ બચાવો.

મુદ્દા : પ્રસ્તાવના - વૃક્ષોની ઉપયોગિતા - વસ્તી વધારા સાથે ઊભા થયેલા પ્રદૂષણના પ્રશ્નો - પ્રદૂષણના પ્રશ્નોનો ઉકેલ - ઉપસંહાર

અથવા

કોરોના વાયરસ : એક વૈશ્વિક મહામારી

મુદ્દા : પ્રસ્તાવના-કોરોના એટલે શું ? કોરોનાનો ઉદ્ભવ - વિશ્વવ્યાપી અસર-કોરોનાને કારણે સર્જાયેલ મહામારી-સરકાર દ્વારા લેવાયેલ પગલાં-ઉપચાર-ઉપસંહાર

અથવા

પુસ્તકોની મૈત્રી

મુદ્દા : પ્રસ્તાવના-સારા પુસ્તકોનો જીવનમાં ફાળો-સારા પુસ્તકોથી થતા લાભ-નઠારાં પુસ્તકોના ગેરલાભ-ઉપસંહાર.

Ashadeep Group of Schools